# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

## વ્દિતીય વર્ષ અભ્યાસક્રમ-૧

જુન ૨૦૨૧

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. ................ અટેલે સુદેવ,સુગુરૂ, સુધર્મમાં અતુટ સાચી શ્રદ્ધા.
૨. દેહ રક્ષા અને................ માટે શ્રી વજ્રપંજર સ્તોત્ર પ્રચલીત છે.
૩. ગીતાર્થની વાત ન સમજે અને ન સ્વીકારે તે ................ સમાન શ્રાવક છે.
૪. ................એટલો ખોટી માન્યતાઓ, ભ્રામક કલ્પનાઓ.
૫. વીર પ્રભુને વાદમાં પરાજિત કરીને ઇન્દ્રભૂતિએ વિચાર્યું કે હું................ થઈશ.
૬. પરમાધામી દેવો ................ માં વસે છે.
૭. જ્ઞાન, દર્શન, ચારિત્રના પાલન કરવા યોગ્ય આચારોનું પાલન ન કરે તે ................ કહેવાય.
૮. ચોરસ રૂચક થી ૯૦૦ યોજન ઉપર અને ૯૦૦ યોજન નીચે ................ આવેલ છે.
૯. મન, વચન, કાયાની પ્રવૃત્તિ એટલે................ .
૧૦. લોકના પ્રત્યેક વિભાગને................ કહેવાય છે.
૧૧. મોક્ષ માર્ગ ................ ના રાજમહેલમાંથી પસાર થાય છે.
૧૨. ................ એ પદ પ્રથમ મંગળરૂપ થાય છે.
૧૩. સર્વ ક્રિયાઓ જો ................ કરવામાં આવે તો પાપનો બંધ થતો નથી.
૧૪. ................ નામે ચોથો અતિચાર જાણવો.
૧૫. શ્રાવક શ્રદ્ધાવંત, વિવેકવંત અને................ હોય છે.
૧૬. હું જિનેશ્વર પ્રભુના................ દર્શન કરીશ.
૧૭. સોમિલ બ્રાહ્મણ ને ત્યાં અગીયારે પંડીતોનો શિષ્ય પરિવાર................ નો હતો.
૧૮. મનુષ્ય ના જન્મ, મરણ................ માંજ થાય છે.
૧૯. ઔદારીક, વૈક્રિય, આહારક અને તેજસ વર્ગણા................ પરિણામી છે.
૨૦. આત્માના ગુણને ઢાંકે તે કર્મના સ્વભાવને................ કહેવાય.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. સમાન પ્રદેશોના બનેલા સ્કંધ સમૂહને શું કહેવાય ?
૨. ઇન્દ્રભૂતિ ગૌતમ નો જન્મ કયા નક્ષત્રમાં થયો હતો ?
૩. કયું ક્ષેત્ર ચક્રવર્તીને જીતવા યોગ્ય હોય છે ?
૪. શ્રાવકના બાર વ્રતોનું મુળ શું છે ?
૫. ઉંદર બિલાડીને શું કરવા દોડી આવ્યો છે ?
૬. નવકાર મંત્ર બહારની ચારે દિશાઓમાં કોના જેવો છે ?
૭. શ્રાવકનાં વાર્ષિક જરૂરી આચરવા યોગ્ય કર્તવ્યનું વર્ણન શેમાં સમજાવ્યું છે ?
૮. ઉર્ધ્વલોક કયા આકાર નો છે ?
૯. ઇન્દ્રભૂતિ એ ભગવાન મહાવીર ને કેવા પ્રાણી તરીકે સંબોધ્યા છે ?
૧૦. કહેવાય શ્રાવક પણ શ્રાવક યોગ્ય ગુણ ન હોય તેને શું કહેવાય ?
૧૧. સાધુ-સાધ્વીનું મલીન શરીર જોઈને દુર્ગચ્છાં કીધી હોય તે કયો અતિચાર છે ?
૧૨. જૈન દર્શનમાં જગત કેવું કહેવાયું છે ?
૧૩. જૃંભિકા નગરીમાં સમવસરણ માં પ્રભુ ની પ્રથમ દેશના વખતે કોણ હાજર ન હતા ?
૧૪. અન્ય દેવોની ભક્તિ કરીને તેમનેજ મુક્તિ દેવાવાળા માનવા એ કયું મિથ્યાત્વ છે ?
૧૫. આત્માના અરૂપી ગુણને આવરે તે કયું કર્મ ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) શ્રવંતિ ૨) દુ ૩) વપ્રોપરિ ૪) જીએણ ૫) આસે ૬) આયુધં ૭) ચઉવ્વિહા ૮) આધિઃ ૯) ગોઆણિ
૧૦) સવ્વન્નુ ૧૧) વય ૧૨) ભુંજંતો ૧૩) પડાગ ૧૪) દંસણ ૧૫) કુરુતે ૧૬) સમાચારી ૧૭) કહં ચરે
૧૮) હેઉહિં ૧૯) પયઇ ૨૦) શ્રાવક માહુરતમાઃ

**પ્રશ્ન-૪ જોડક જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) શ્રેણીક રાજા | ૧) બૌદ્ધ દર્શન | ૬) કાંક્ષા | ૬) દ્રહ |
| ૨) મુખવસ્ત્રિકા | ૨) કર્મગ્રંથ | ૭) કર્મવિપાક | ૭) દર્શન શ્રાવક |
| ૩) વાસના | ૩) અતિચાર | ૮) નાના સરોવર | ૮) પીતાંબર |
| ૪) કામદેવ | ૪) ઉત્સૂત્ર પ્રરુપણા | ૯) અહાછંદ | ૯) મધ્યલોક |
| ૫) ઇન્દ્રભૂતિ | ૫) ઉત્તર ગુણ શ્રાવક | ૧૦) જ્યોતિષ ચક્ર | ૧૦) સિદ્ધ ભગવાન |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. કર્મની ઉત્તર પ્રકૃતિ કેટલી ?
૨. નવકારમંત્રના કેટલા પદો સાથે આપણા દેહ અને આત્માની રક્ષા જોડવામાં આવી છે ?
૩. પુદ્ગલાસ્તિકાયના કેટલા ભેદ છે ?
૪. ભગવાન જે ક્ષેત્રમાં વિચરતા હોય ત્યાં કેટલા યોજન સુધી રોગો ન થાય ?
૫. સુક્ષ્મ પરિણામી વર્ગણાઓ કેટલી ?
૬. અઢીવ્દીપમાં કેટલાં અંતરવ્દીપો છે ?
૭. ઇન્દ્રભૂતિ ગૌતમ કેટલા વેદ વિદ્યાઓના પારંગત હતા ?
૮. ઉર્ધ્વલોકમાં કેટલા કિલ્બીષીયા છે ?
૯. નામકર્મના કેટલા ભેદ છે ?
૧૦. શ્રાદ્ધવિધી ગ્રંથમાં કેટલા વ્દારથી શ્રાવક જીવનનું રહસ્ય બતાવેલું છે ?

**પ્રશ્ન - ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. શ્રી વીતરાગ પરમાત્માથી અલગ પોતાનું મત પ્રસ્થાપિત કરે તે નિન્હવ.
૨. અતિશય અંગની રક્ષારૂપ એવા સિદ્ધ ભગવંત ને નમસ્કાર હો.
૩. કર્મ પુદ્ગલના દળીયાનુ માપ તે પ્રદેશ બંધ કહેવાય.
૪. જંબુવ્દીપનાં ઉતરવાના મોટા ઉતાર સ્થાનોને શ્રેણી કહેવાય.
૫. આઠ પ્રવચન માતાના ધારક એવા સુસાધુ તે શુદ્ધ ગુરૂતત્વ જાણવા.
૬. વીરપ્રભુને કેવળજ્ઞાન થયું ત્યારે ૮૪ ઇન્દ્રોના સિંહાસન કંપાયમાન થયા.
૭. ગુરૂની દેશના બહુમાનપૂર્વક હૃદયમાં ધરે તે શ્રાવક દર્પણ સમાન કહેવાય.
૮. જંબુવ્દીપની આજુબાજુ વલયાકારે કાલોદધી સમુદ્ર છે.
૯. તીર્યંચ, દેવ, મનુષ્ય વગૈરે સર્વ જીવોને પુજવા યોગ્ય પ્રભુનું પુજાતિશય છે.
૧૦. આત્માની સાથે કર્મરૂપી જોડાણ કરવામાં ઉપયોગી થતા પુદ્ગલોને મનોવર્ગણા કહેવાય છે.

**પ્રશ્ન - ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. કર્મ બાંધતી વખતે યોગ અનુસાર આત્મા ઓછા વધુ કર્મ દલીકોના સમુહને આત્મા સાથે જોડે છે.
૨. મુર્ખાઓને કોઇ બનાવી જાય પણ આણે તો દેવોને પોતાના તરફ લોભાવ્યા છે.
૩. અહિં પુણ્યશાલી દિવ્યવૈભવોની અનુભૂતિ કરનારા દેવો વસે છે.
૪. આપણા જીવનની પાપ-પરંપરાનું મુળ જયણાની ખામી છે.
૫. જે પ્રમાદને વશ ખાલી દેહનુ પોષણ કરે છે અને સંયમી કરણમાં નમાલીયા જેવા હોય છે તે ઉસન્ના.
૬. વિરતી એ રથ છે તો સમ્યક્દર્શન એનો સારથી છે.
૭. કર્મબંધને અટકાવવા આ પ્રકાર ની પ્રવૃત્તિ ઉપર વિજય મેળવવો આવશ્યક છે.
૮. સતી સ્ત્રીનું એકવાર શીલ ખંડીત થાય તો તે સતી કહેવાય નહીં.
૯. પંચપરમેષ્ઠીના પદોથી ભય, આધિ, વ્યાધિ, મનની પીડા કદી પણ થતી નથી.
૧૦. રસશાસ્ત્રના જાણકારને કયો રસ અજાણ્યો હોય ?

**પ્રશ્ન - ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. લોકોત્તર દેવગત મિથ્યાત્વ ૨) સ્થાનાંગ સૂત્ર પ્રમાણે શ્રાવકના પ્રકાર
૩. રસબંધ ૪) વર્ગણાઓ કેટલી અને કયી ? એમાં આહારક અને ઔદારીક વર્ગણાઓ સમજાવો.
૫. શ્રી વજ્રપંજર સ્તોત્ર ની મહત્તા.

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com